## <u>Special Condition (ખાસ શરતો) ભાગ – I</u>

**નોંધઃ– ઓનલાઈન ટેન્ડર ભાવ ભરીને મોકલતા પહેલા ઈજારદાશ્રીએ નીચેની શરતો વાંચી યોગ્યતા ધરાવતા હોય તો જ ટેન્ડર ઓફર મોકલવા ખાસ તાકીદ કરવામાં આવે છે. નીચે જણાવેલ શરતોની ડોકયુમેન્ટ/દસ્તાવેજોમાંથી કોઈપણ ડોકયુમેન્ટ ઈજારદારશ્રી ધરાવતા નહીં હોય કે ઓનલાઈન સ્કેન કરીને ટેન્ડર સાથે ઈજારદાશ્રીએ રજુ નહીં કર્યા હોય તે ઈજારદારશ્રીનું ભાવપત્રક (ટેન્ડર) ખોલવામાં નહિં આવે.**

(૧) 'ઈ–૨' અને ઉપરના વર્ગમાં નોંધાયેલ તથા માન્ય ઈજારદારની નોંધણી ધરાવતા ઈજારદારશ્રીઓ

(૨) ટેન્ડર ફી પેટે રૂા.૨,૪૦૦/– ની રકમનો નાયબ કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન પેટા વિભાગ, સિધ્ધપુરના નામનો સિધ્ધપુર ખાતે વટાવી શકાય તેવો બેન્ક ડીમાન્ડ ડ્રાફટ

(૩) બાનાની રકમ પેટે રાષ્ટ્રિયકૃત / શીડયુલ બેન્કની એફ.ડી.આર. રૂા.૧,૦૦,૦૦૦/– (એક લાખ પુરા) ની નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ, સિધ્ધપુરના નામની. (Exemption certificate for EMD shall not be accepted)

(૪) ચાલુ વર્ષનુ રાષ્ટ્રિયકૃત / શીડયુલ બેન્કનુ સોલવંશી પ્રમાણપત્ર

(૫) વ્યવસાય વેરા પ્રમાણપત્ર

(૬) ઈન્કમટેક્ષ પાન કાર્ડ

(૭) GST Registration Proof & PF/EPF Registration Certificate.

(૮) છેલ્લા ૫ (પાંચ) વર્ષ એટલે કે ૨૦૨૧–૨૨ થી ૨૦૨૫–૨૬નું વાર્ષિક ટર્નઓવર અંગેનું ચાર્ટડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર.

(૯) છેલ્લા પાંચ વર્ષમાં આ પ્રકારની અપ–કીપીંગ કામગીરી સરકારી / અર્ધ સરકારી / બોર્ડ નિગમ લેબર સપ્લાયની કામગીરીનાં વિવિધ રસ્તા અને સરકારી રહેણાંક અને બિન રહેણાંક મકાનોમાં સંતોષકારક તરીકે કામગીરી કરેલ હોય તે અંગેનું જે તે વિભાગનાં કાર્યપાલક ઈજનેરશ્રીનું સહીવાળું ફોર્મ ૩–એ પ્રમાણપત્ર અથવા Complition Certificate (ખરાઈ કરેલ નકલ રજુ કરવી)

(૧૦) કામ ઉપર આવતાં કામદારોનાં પગારની ચુકવણી બાબતેની કે તેનાં મુખ્ય નોકરી દાતા ઉપરની કોઈ કાર્યવાહી – હાલનાં કે ભૂતકાળમાં રાખવામાં આવેલા કામદારો માટેની કોઈ કાર્યવાહી ચાલુ કે પડતર નથી તે બાબતનું અંડરટેઈકીંગ / સેલ્ફ ડેકલેરેશન ફોર્મ સ્કેન કરી રજુ કરવાનું રહેશે.

(૧૧) જે ઈજારદારશ્રીના ભાવ મંજુર થશે તે ઈજારદારશ્રીએ Thumb Atttendance Machine (Biomatric Fingerprint Scanner) ફરજીયાત પણે લાવવાનુ રહેશે. જે મશીનના રીપોર્ટના આધારે રાખવામાં આવેલ શ્રમજીવીઓની હાજરી ગણવામાં આવશે. તે મુજબ જ બીલનુ ચુકવણુ કરવામાં આવશે.

(૧૨) ભાવો મંજુર કે ના–મંજુર કરવાની સત્તા અત્રેના વિભાગને અબાધિત રહેશે.

ઉપર મુજબ તમામ ૧ થી ૧૨ શરતોને લગત ડોકયુમેન્ટ ઓનલાઈન સ્કેન કરી ફરજીયાત દર્શાવવાનાં રહેશે તથા આ તમામ દસ્તાવેજોમાં ટેન્ડર ફી નો ઓરીજનલ ડ્રાફટ બાનાની રકમ, ચાલુ વર્ષની રાષ્ટ્રીયકૃત / શીડયુલ બેંકનુ બેંક સોલવંશી પ્રમાણપત્ર, નોંધણી પ્રમાણપત્ર, ઈન્કમટેક્ષ પાન કાર્ડ તથા અન્ય માંગવામાં આવેલ ડોકયુમેન્ટસની પ્રમાણિત નકલ (હાર્ડકોપી) અત્રેની કચેરીએ દિન–૫ એટલેકે ..................... સુધીમાં રજી.પો.એડી. / સ્પીડ પોસ્ટથી જ પહોંચાડવાની રહેશે.

**નોંધ :– ન્યૂનતમ વેતન દર અધિનિયમ–૧૯૪૮ હેઠળના કુશળ, અર્ધકુશળ અને બિન–કુશળ શ્રમજીવીઓના ન્યૂનતમ વેતન દર સરકારશ્રીના પરિપત્ર તા.૨૭/૦૩/૨૦૨૩ તથા તા.૦૧/૦૪/૨૦૨૬ તેમજ સરકારશ્રીના વખતોવખતના નિયમો / ગાઈડલાઈન મુજબના ભાવ પ્રમાણે જળવાઈ રહે તે હેતુથી ૧૦%નો એજન્સીનો સર્વિસ ચાર્જ ટેન્ડરના ભાવપત્રકમાં ઉમેરવામાં આવેલ છે. જેથી વધુ પ્રમાણમાં ઓછા ભાવો ભરવાથી લઘુતમ વેતનદર પર અસર થાય તેમ હોય તેવા ઈજારદારશ્રી / સંસ્થા ધ્વારા ભરેલ ભાવો રદ્દ કરવામાં આવશે તથા ત્યારબાદ જે ઈજારદાર/સંસ્થાએ સૌથી ઓછા ભાવ (ટકાવારી ભાવ મુજબ) ભરેલ હશે એમના ભાવો સક્ષમ કક્ષાએથી ગ્રાહય/મંજુર રાખવામાં આવશે. વધુમાં, જો ઈજારદારશ્રીઓના સદરહુ કામગીરીના ટેન્ડરમાં ભરેલ ભાવો એકસમાન આવે તો સામેલ PQ મુજબ જેઓ ઈજારદારશ્રીઓના સૌથી વધારે માર્કસ હશે તેમના જ ભાવો સક્ષમ કક્ષાએ ગ્રાહય/મંજુર કરવા અર્થે ભલામણ કરવામાં આવશે તેમજ PQ મુજબ ઈજારદારશ્રીઓના એકસમાન માર્કસ આવે તો છેલ્લા ૫ (પાંચ) વર્ષ (PQ માં દર્શાવેલ વેઈટેજ લગાવીને) એટલે કે ૨૦૨૧–૨૨ થી ૨૦૨૫–૨૬નું એવરેજ વાર્ષિક ટર્નઓવર જેનું સૌથી વધુ હશે તેમના જ ભાવો સક્ષમ કક્ષાએ ગ્રાહય/મંજુર કરવા અર્થે ભલામણ કરવામાં આવશે અને આ કરારખતની શરતો અને નિયમોને આધિન રહી સહી–સિકકા (કરારખત) કરવાના રહેશે.**

–

આ શરત પરિપૂર્ણ કરનાર ઈજારદારનું જ ટેન્ડર ખોલવામાં આવશે અન્યથા શરત પરિપૂર્ણ નહી કરનાર ઈજારદારનું ટેન્ડર રદ્દ ગણવામાં આવશે. ઉપરોકત ડોકયુમેન્ટસ ઓનલાઈન રજુ કરેલ છે તથા હાર્ડકોપી રજુ કરવામાં આવશે.

**ઈજારદારશ્રીની સહી**

**નાયબ કાર્યપાલક ઈજનેર**
**માર્ગ અને મકાન પેટાવિભાગ**
**સિધ્ધપુર**